# કમિશનર શાળાઓની કચેરી,

બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, પુનિત વનની સામે, સેકટર-૧૯, ગાંધીનગર

તા. ૧૨/૦૧/૨૦૨૬

ક્રમાંક: માધ્ય./પરચ/૨૦૨૬/ 311-413

પ્રતિ.

જીલ્લા શિક્ષણાધિકારીશ્રી.

જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી.

તમામ

વિષય: વિશ્વ વેટલેન્ડ દિવસ, ૨૦૨૬ ની ઉજવણી અંતર્ગત શાળાઓમાં રાષ્ટ્રીય સ્તરની ચિત્રકલા અને સૂત્ર લેખન સ્પર્ધા યોજવા બાબત

સંદર્ભ: ભારત સરકારશ્રીના શિક્ષા મંત્રાલયના પત્ર ક્રમાંક: F.NO. 8-1/2026-MEC, Date: 08/01/2026

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય (MoEFCC) દ્વારા નેશનલ મ્યુઝિયમ ઓફ નેચરલ હિસ્ટ્રીના સહયોગથી વિશ્વ વેટલેન્ડ દિવસ, ૨૦૨૬ (WWD 2026) ની ઉજવણી તારીખ ૦૨.૦૨.૨૦૨૬ ના રોજ "વેટલેન્ડ્સ અને પરંપરાગત જ્ઞાન: સાંસ્કૃતિક વારસાની ઉજવણી" થીમ હેઠળ કરવામાં આવી રહી છે. આ વર્ષે WWD-2026 નો હેતુ વિશ્વભરના સમુદાયોની વેટલેન્ડ્સ સાથે જોડાયેલી સાંસ્કૃતિક પ્રથાઓ, પરંપરાઓ અને જ્ઞાન પ્રણાલીઓ વચ્ચેના ઊંડા સંબંધોને ઉજાગર કરવાનો છે તેમજ વેટલેન્ડ પરિસ્થિતિ તંત્રના સંરક્ષણ અને સાંસ્કૃતિક વારસાના જતન માટે પરંપરાગત જ્ઞાનની મહત્વપૂર્ણ ભૂમિકાની જાગૃતિ ફેલાવવાનો છે.

દેશભરની શાળાઓના વિદ્યાર્થીઓમાં જાગૃતિ ફેલાવવા માટે, નેશનલ મ્યુઝિયમ ઓફ નેચરલ હિસ્ટ્રી, MoEFCC દ્વારા નીચે મુજબની પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે: –

1. ચિત્રકલા સ્પર્ધા: ભાગ લેનાર ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ
2. સૂત્રલેખન (સ્લોગન લેખન) સ્પર્ધા: ભાગ લેનાર ધોરણ ૯ થી ૧૨ વિદ્યાર્થીઓ
3. ઉપરોક્ત સ્પર્ધાઓ આપના અધિકાર ક્ષેત્ર હેઠળની તમામ શાળાઓમાં મિશન LIFE માટેના ઇકો ક્લબ્સ મારફતે આયોજન કરવામાં આવે.

...કારીશ્રી કચેરી, સુરત.
791

આયોજિત પ્રવૃત્તિઓની વિગતો Eco Clubs for Mission LIFE પોર્ટલ (https://ecoclubs.education.gov.in/) પર અપલોડ કરવાની રહેશે. ઉપરાંત, શાળાઓએ (i) એક શ્રેષ્ઠ ચિત્ર

/સૂત્રલેખન (ii) કુલ ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા, તારીખ ૨૨ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી માત્ર સ્પીડ પોસ્ટ મારફતે નીચેના સરનામે મોકલવાની રહેશે:

નેશનલ મ્યુઝિયમ ઓફ નેચરલ હિસ્ટ્રી,

MoEFCC, બ્લોક-૩, ૪મો માળ,

CGO કોમ્પ્લેક્સ, લોધી રોડ,

નવી દિલ્હી – ૧૧0003

આમ, ઉકત જણાવ્યા મુજબ આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને વિશ્વ વેટલેન્ડ દિવસ, ૨૦૨૬ (WWD 2026) ની ઉજવણી તારીખ ૦૨.૦૨.૨૦૨૬ ના રોજ કરવા આપની કક્ષાએથી સૂચના આપવા જણાવવામાં આવે છે.

નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર

જા.નં. મા-૨/૨૦૨૬ /1335 તા. ૧૩/૦૧/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ
જિ.સુરત.

આ સાથે સામેલ કમિશ્નર શાળાઓની કચેરી,સેક્ટર-૧૯,ગાંધીનગર નો તા.૧૨/૦૧/૨૦૨૬નાં પત્ર અન્વયે જાણ તથા અમલ કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ: ઉક્ત પત્રની નકલ